ગ ઊંવારસદમાં

બા માતાનું વર્ણન.

રચનાર

ત્રીવેદી નાનાલાલ મગનલાલ.

છપાવી પ્રસીદ્ધ કરનાર

શા. વાડીલાલ ઘેલાભાઇ.

રતનપોળના નાકે–અમદાવાદ.

અમદાવાદમાં ઘીકાંટે
ીના મેડા ઉપર શા. સોમચંદ કેશવલાલે
ચંદ્રપ્રકાશ પ્રીન્ટીંગ પ્રેસમાં છાપી.

સને ૧૯૦૩

મત ૦-૨-૦

ગામ ઉંવારસદમાં

શ્રી અંબાજીમાતાનું

વર્ણન.

ત્રિતાળી ચોપાઇ.

તમને આરાધું અંબે માત, કૃપા કરો દેવી સાક્ષાત
ઉંવારસદ મોટું ગામ, નહિ માંડવીનો કોઈ ઠામ. 1
વાવોલ ને કોરવડા માંહી, માંડવીની જુક્તિ ત્યાંહી
લોક જોવાને પરગામ જાયે, જઇ માત તણા ગુણ ગાયે. ૨
પરગામે જોઇ જન આવે, લાવે વાતો ભલેરી ભાવે
કોઇ માજીની માંડવી બનાવે, લાવો ગાવા તણો લેવડાવે. ૩
ઓગણી ઓગણપચાસ સાલ, તેવે બનીયો રૂડો તાલ
એક ડંડા ઉપર ચાડાં, પાંચ દીવા કરવા કાઢયાં. ૪
તે વચમાં મુકી સહુ ગાય, સૌને ઉમંગ મન ના માય
નવ નવરાત્રિના દહાડા. સૌએ ગાઇને એમજ કાઢયા. ૫
દશરાને દિને બંધ કરી, પિપળેશ્વરમાં મુકી ખરી
પછી આવી પચાસની સાલ, સૌને ગાવાનો પડીયો ચાલ.

જેઠા દેશાવાલની દુકાને સહુ ભેગા થયા મન માંને
કોણ મુખ્ય માંડવીના થાય, એવી વાત કરે માંહો માંહ. ૭
એવું કહેતાં છોટા ગોર આવ્યા, સહુ જનના મનમાં ભાવ્યા,
એવે શેઠ બોલ્યા કેશવલાલ, ગોર થાઓ અંબાના લાલ. ૮
ધુપ દીપથી માજી રીઝાવો, તાલ દેઇને ગરબા ગાવો
થાઓ મુખ્ય માંડવીના તમે, સહીઓ કરી આપીએ અમે ૯
જે જોઇએ તે લેઇ જાઓ, માની આગળ હ્યોની લાવો
છોટા ગોર બોલ્યા વચન, માજી થાઓ મુને પરસન. ૧૦
વાંઝીયામેણું ભાગો મારૂં, માજી શરણુ એક તમારૂં
એવું કહેતાં થયાં પરસન, સુતાર મેવાડા કરસન. ૧૧
તેને અંગે આવીયાં માત, આપ્યું વચન જમણે હાથ
તારે પુત્રની થાશે જોડ, તારી શતરૂની ભાગશે ખોડ ૧૨
દાસ આકીનથી મુજ થાજે, તારે માથે અંબા ધણી છાજે
એવાં વચન બોલ્યાં માત જયારે, સ્તુતિ કરવા માંડી ત્યારે. ૧૩
વલ્લભ ગોળની કીરતિ વધારી, ચંડમુંડને નાખ્યા મારી
રકત બીજનું રૂધીર પીધું, કાળીદાસને વરદાન દીધું ૧૪
મહિષાસુર માર્યો રગદોળી, માર્યા દૈત્યોને ખોળી ખોળી
શેઠ વિમલનું નાણું વધાર્યું, ભરદરિએથી વહાણ ઉગાર્યું. ૧૫
સ્તુતિ કરી છોટાલાલ આવ્યા, ખડીઓ કલમ લાવ્યા
લખ્યું કરી સહીઓ કરાવી, સત્તાવીસ જણે ત્યાં આવી. ૧૬
ઓગણી એકાવનની સાલે, આસો સુદી બીજ બુધવારે
માને ધીના દીવા કરાવી, ઓરડીપર ધજા ચઢાવી. ૧૭

વિધવિધ વાજાં ત્યાં વાગ્યાં, સહુ ભકતોનાં દુખડા ભાગ્યાં
દરશન કાજ આવે નરનારી, ધુપ દીપ કરે પ્રેમ ધારી. ૧૮
માએ ભકતોનાં દુખ કાપ્યાં, સુખ માગ્યાં વરદાન આપ્યાં
જમણે હાથ આપ્યું જે વચન, પળીઆં માજી થઇ પરસંન ૧૯
પુત્ર દેખી હરખે ભરાયા, અમદાવાદથી સાગ મંગાવ્યા
ઓગણીસે બાવનની સાલે શ્રાવણ સુદ પાંચમ શુકરવારે. ૨૦
ઘડવા માંડી માંડવી સારી, ગોખ બારી ને જાળી અટારી
માંડવી જુગતિથી બનાવી, ભાત ભાતના રંગ ભરાવી. ૨૧
ગામ માંહી હરખ અપાર, બોલે અંબાનો જય જયકાર ૨૨

૧ નાના મારે એની સાથમાં જાઊં (એ રાગ)

આરાધું પરથમ અંબે આંઇ, જગત જનુની નમું હરખાઇ.
શેષ આદિ થાકયા ગુણ ગાઇ, કીરતિ જેની દશેદિશ છવાઇ. ૧
હરિહર બ્રહ્મા કરે જેની સેવા, પ્રસંન મુખડાંનાં દર્શન લેવા. ૨
ઇંદ્રાદિક મોટા દેવાધિદેવા, પામ્યા સેવાથી મીઠા મેવા. ૩
દાનવોએ દુઃખ દેવોને દીધાં, વ્હાર કરી માએ દુઃખદુરકીધાં. ૪
ભક્ત તણા બહુ કારજ સીધાં, જેણે અંબા વ્રત તુજલીધાં. ૫
દીન વચન આ સુણજો અમારાં શોખદીધો ગુણ ગાવા તમારા ૬

૨ દુઃખનો પાર હું પામ્યો નહિ (એ રાગ)

ઉવારસદ એક મોટું ગામ, માંડવીનો નહિ ઠામ
વાવોલ કોલવડા ગામમાંહી, માંડવી સારી તહીં ઉવારસદ ૧

ઉવારસદના લોકો સહુ, ગાવા ઉમંગ બહુ, ઉવારસદ ૨
માંડવી જોવા પરગામ જાયે, માજીના ગુણ ગાયે, ઉવારસદ ૩
પરગામે જોઇ જન આવે, ભાવે વાતો લાવે, ઉવારસદ ૪
કોઇ માજીની માંડવી બનાવે, ગાવાને ગુણ ભાવે, ઉવારસદ ૫

૩

કરે અભિમાન, જે હેવાન, ધરી ગુમાન (એ રાગ).

સુણી જન વાત, અંબે માત, ખુશી મન સાથ
આવ્યાં નવરાત, કૃપા સાક્ષાત, કરી જગ માત. ૧
ઓગણી ઓગણપચાસની સંવત કેરી સાલ
નવરાત્રિના દિનમાં કેવો બનીઓ તાલ. ૨
દીવી પર પાંચ ચાડાંની, બનાવી નેક
માંડવી એક, સાદી છેક, ધરી મન ટેક ૩
મુકી વચમાં, સહુ જન માતના, ગુણ ગાય
નરને નાર, હરખ અપાર, મનના માય. ૪

૪ ગીતિ.

બંધ કીધું ગાવાનું દસરા દિવસે મળીને જન સરવે
પિપળેશ્વરમાં મુકી, માંડવી બીજી સાલ શું થાય હવે?

૫ રાગ. આશાગોડી.

ઓગણીપચાસની સાલ આવી એવે ઓગણીપચાસની સાલ
ગામ લોકને ચેન પડે નહિ ગાવાનો પડીઓ ચાલ. આવી ૧
જેઠા દેશાવાલની દુકાને, ભેગા થયા સૌ તતકાળ. આવી ૨

મુખ્ય થશે કોણ માંડવી કેરા, કરે માંહોમાંહ ખ્યાલ. આવી ૩
એવામાં ત્યાંતો છોટા ગોર આવ્યા, શેઠ બોલ્યા કેશવલાલ. આ.૪
મુખ્ય છોટા ગોર માંડવીના તમે, થાઓ અંબાના લાલ. આ.૫
ધુપ દીપ કરી માજી રીઝાવો, ગરબા ગાઓ તાલ. આવી ૬

૬ ગીતિ.

મુખ્ય છોટા ગોર થાઓ, જે જોઇએ તે અમથી લેઇ જાઓ
સહીઓ કરી અમે દઇએ, ગુણ માજીના ગાઓ ટેયો લાવો. ૧

૭ રાગ બન્જારા.

બોલ્યા છોટા ગોર વચંન, માજી થાઓ મુને પરસંન
વાંઝીયામેણું ભાગો મારૂં, માજી શરણ એક તમારૂં રે
દીન વિનતિ ધરો મુજ મન, માજી થાઓ મુને પરસંન. ૧
એવું કહેતાં થયાં મા પ્રસંન, સુતાર મેવાડા કરસનરે
તેને અંગે ચઢયાં ધન્ય ધન્ય, માજી થાઓ મુને પરસંન. ૨
આપ્યું વચન માએ કોડે, તારે પુત્રની થાશે જોડરે
દુખી થાશે તુજ દુશમન, માજી થાઓ મુને પરસંન. ૩
તું શરણે મારે થાજે, તારે માથે અંબા ધણી છાજેરે
કામ કરજે ધરી આકીન, માજી થાઓ મુને પરસંન. ૪

૮ દક્ષણી સાખી.

વચન સુણી અંબાનાં એવાં વિસ્મે પામ્યા જન.
છોટા ગોર સુણી આશીશ માની હરખ્યા અતિશે મન
ધ્યાન ધારીરે, સ્તુતિ મુખે ઉચારીરે.

૯ હો અંતકાળે સ્મરૂ શ્રી રામ (એ રાગ.)

માજી સમરીએ તુજ નામ.
ભક્ત તમારો વલ્લભ ગોળ, વાધ્યું જગમાં નામ માજી. ૧
ચંડ મુંડને ચોળીયા માર્યા દૈત્ય અનેક
મહિષાસુર રગદ્દાળીઓ રાખ્યો ભક્તન ટેક. માજી. ૨
રક્તબીજનું રૂધીર તેં પીધુ રાખી ધીર
શુંભાદિકને મારીઆ અનેક દાનવ વીર. માજી. ૩
કાળીદાસને પ્રેમથી દીધું મા વરદાન
સાગરમાંથી વિમળનું ઉગાર્યું મા વહાણ. માજી. ૪

૧૦ ગીતિ.

એવાં માત ભવાની દેવી સેવક જનની રાખો લાજ.
સ્તુતિ કરી પ્રણમીને, વળી ફરી સ્તુતિ કરે મહારાજ. ૧

૧૧ રાગ કલ્યાણ.

અંબા ઇશ્વરી, સહુ દુખ દુર કરી,
પાપ સર્વ કાપી આપ સુમતિ ખરી;
ભક્તન કેરી લાજ રાખવા અનેક ધાર્યાં રૂપ.
દેવ તણાં તો દુખ દુર કીધાં ધારી ઉગ્ર સ્વરૂપ. અંબા. ૧
ચંડી રૂપે તેંજ ભવાની માર્યા દૈત્ય અનેક.
અંબા રૂપે હસતે મુખે દરશન દીધાં નેક. અંબા. ૨
વિદ્યા રૂપે ઋષિ મુનિને હદયે કીધો વાસ
વારંવાર વિનંતિ કરીએ ગણજો અમ નિજ દાસ. અંબા. ૩

રક્ષા કરવા નિજ જનની મા સદા રહોછો પાસ.
ધ્યાન સદા ધરીએજ તમારૂં પુરો મનની આશ. અંબા. ૪

૧૨ ગીતિ.

સ્તુતિ આ નિશ્ચળ મનથી, કરી ગામમાં છોટાલાલ આવ્યા
સહીઓ કરવા માટે, ખડીઓ કાગળ અને કલમ લાવ્યા.૧

૧૩ અહો દિલદાર જરી દેદાર દીવાનીને દીખાવોને. (એ રાગ.)

લખ્યું કીધું, કરી સહીઓ, બહુ જન ગામના જ્યાંહી.
સતાવીશ જન, થઇ મગન, દઇ તન ધન, મળ્યા ત્યાંહી.લ.૧
ઓગણી એક પચાસની સાલ આસોની બીજ આવીરે
ઘીના દીવા કરાવીરે ધજા ઓરડી ચઢાવીરે. લ. ૨.
વાજાં વિધવિધ વાગીયાં ટળ્યા ભકતન શોક
ધૂપ અક્ષતથી વધાવતા દરશન કરતા લોક.
હરખ વાધ્યો સહુ મનમાં રહ્યું ના દુઃખ તો ક્યાંહી. લ. ૩

૧૪ હીનભાગી કાયારે દુખી થાવા સરજી. (એ રાગ)

ભકતોનાં દુખજ માએ કાપીયાં
પાળ્યાં જે વચનજ પ્રેમે આપીયાં
પુત્ર દેખીને હરખજ મન અપારરે. ૧
અમદાવાદથી સાગ રૂડા મંગાવીયા
સંવત ઓગણી બાવન કેરી સાલરે. ૨

શ્રાવણ સુદી પાંચમ શુકરવારમાં
માંડવી સારી ઘડવા માંડી ત્યારરે. ૩
બારી અટારી ગોખજ જાળી શોભીતાં
રંગબેરંગી ચિત્રો શોભે સારરે. ૪
જુગતીથી માંડવી બનાવી માતની
માત અંબાનો બોલો જય જયકારરે. ભકતોનાં ૫

૧૫ વ્હાલા બોલો તમે લાલા બોલો કેમ રસી-યા રીસાણા. (એ રાગ)

મ્હેર કરી લીલા લ્હેર કરી તમે અંબા ભવાની
સુખે જે માગ્યું આપી, દુખીનાં દુખ કાપી,
સુખીને થીર થાપી માત. મ્હેર. ૧
અમદાવાદ શહેરના શેવક વાડીલાલ.
વળી બીજા છે ભકત જન વિપ્રજ નાનાલાલ.
એ બે ભકતોની ભકિત ખરી, પૂજેછે અંબાને પ્રેમ ધરી,
વસ્ત્રા અલંકાર ભેટો કરી, દેજો સુખ શાંતિ દુઃખો હરી.
કૃપા કરી માત. મ્હેર. ૨

૧૬ શિખરિણી.

નમો દુર્ગા દેવી જગત જનની તું દુખ હરી.
નમો આરાસુરી સુર સંરવને તું સુખ કરી.
નમો અંબા માતા ભવ ભય સહુ દો પરહરી.
નમો પાયે લાગી પરમ પદ આપે તુજ ખરી.

૧૭ (પ્રિય બેનીરે જાવા સુખી થાવા. એ રાગ.)

પ્રિય ભાઇ અરે ચાલો, મનમાં મ્હાલો
અંબા દરશન કાજે, જાવું આજે
ભાઇ ખરી કહી એ વાત, દેવી ભવાનીછે સાક્ષાત
જઇ પાય એને લાગો, ઇચ્છયું માગો, પ્રિયભાઇ
ત્યારે ચાલો ઝટ જઇએ, કરી દરશન સુખી થઇએ
હાહાહારે ચાલો, મનમાં મહાલો. પ્રિયભાઇ

૧૮ (મુરખડા મૃગલા કરમ તણી કઠણાઇ એ રાગ)

આરાસુર રાણી અકળ કળા ના જાણી
મુનિઓએ નાણી જોતાં ના પરમાણી
શુક સનકાદિક નારદે કર્યાં ઘણાં અનુમાન
સુરિવર મુનિવર ભુલીયારે ધારી જોતાં ધ્યાનરે. આરા૦
દેવ સિદ્ધ સેવા કરે ગાંધર્વ ગાયે ગાન
કરે વિવિધ ઉપાસના ના પામ્યા તુજ જ્ઞાનરે. આરા.

૧૯ (શાણા સમજણા એ રાગ.)

અંબા આરાસુરની રાણી માજી સુણજો કર્મની કહાણી
આજ કળીયુગનો મહિમાય, જતમાં પાપ ઘણેરાં થાય
ધરમ કરમ સહુ લોપાય, પ્રજા રાજા થકી પીલાય
તેમાં શરણ એક માત તારૂં હરજો દુઃખજ સર્વ અમારૂં

૨૦ (ડુબ્યો આજ તાપવિલાપમાં એ-રાગ.)

મા શોભા સી કહું તાહરી નવ શેષ થકી વરણાયરે
નવ શેષ થકી વરણાયરે તે મુજથી કેમ વદાયરે. મા.
અંબે વૈષ્ણવી બ્રહ્માણી છો જગ માત તમો રૂદ્રાણીછો.
આદ્ય આરાસુરની રાણીછો દેવી એવો તુજ મહિમાયરે.મા.
અખિલ વિશ્વનાં ઈશ્વરી, મા દાસનાં દુખ દૂરે કરી
પાપ તાપ તે જનના પરહરી, પરતાપ રૂડો વખણાયરે.મા.

૨૧ (જાવું વ્હેલીરે બચાવુ વ્હેલી એ રાગ.)

આવો વ્હેલારે સીધાવો વ્હેલા,
દરશન કાજેરે સીધાવો વ્હેલા
દરશન દેજો અંબા ભવાની,
દુખ દળ કાપી નાંખજો માડી, દરશન કાજેરે.
પરસન મુખડાનાં દરશન દીધાં,
તાપ ને પાપ નીવારી દીધાં, દરશન કાજેરે.

૨૨ (કસુંબી કસુંબી કસુંબી નેનાં હો ગયા એ રાગ)

ઉમંગે ઉમંગે ઉમંગે ગરબા માતના સૌ ગાવો રાખી
પ્રીત, ઉમંગે.
આનંદે આનંદે આનંદે રે નવરાતમાં રમીએ મળીને
સંગાથ, ઉમંગે.
ગુણ ગાવા ગુણ ગાવા ગુણ ગાવાને નરનારરે મળી ગાયે
આખી રાત, ઉમંગે.

પ્રીતેથી પ્રીતેથી પ્રીતેથી મળીઆં એકઠાં ધરી હરખ મન
અથાગ, ઉમંગે.
સૌ માગે સૌ માગે સૌ માગે આશીષ માતથી કે રહે
સદા નવરાત, ઉમંગે.

૨૩ (જોગી રાજરે અધીરી ઝુરે આપકાજ એ રાગ)

અંબે આઇરે વિનતિ કરે તુજ દાસ
અકલ નિરંજન આદ્ય ઇશ્વરી
પુરતી સહુની આશ, અંબે આઇરે.
સચરાચર નવ દુરગા દેવી,
સુરતિ તેજની રાશ, અંબે આઇરે.
તું સાવિત્રી લક્ષ્મી ગૌરી,
પુરોને દાસની આશ, અંબે આઇરે.

૨૪ (મને સ્હાય કરશે મોરારીરે એ રાગ.)

ગરબે ગાવાને આવ્યાં અંબાજીરે સાથે આવ્યાં તે બહુચરબાળી
બ્રહ્માણી આવ્યાં ને રૂદ્રાણી આવ્યાં વળી સંગે લાવ્યાંમાહાકાળી
દક્ષિણમાંથી તુળજાભવાની આવ્યાં સાથે તે પાવાવાળી
જોગણીનો સાથ લાવ્યાં રંગે રમે દેઇ તાળી. ગરબે ગા૦

૨૫ રાગ માઢ.

માત આરાસુરની રાણીને હું પ્રેમેરે નમું.
જગદંબા જગ જોત છો તું વણ શરણનો કોય,

ધન દોલત સંબંધી સરવે અંત ન સાથે થાયરે, માત.
અજ્ઞાની તારાં છોકરાં અમે કરીએ પાપ અનેક
ક્ષમા કરે કીરપા કરી સૌ માજી એ તુજ ટેકરે, માત.
દયાળુ તું ઇશ્વરી, કરજે દાસની વ્હાર
આશરે તારે સુખી થઇને બોલીએ જયજયકારરે, માત.

૨૬ (ઉજેણી રંડાણી આજ હાયહાય એ રાગ.)

આશરો તમારો માત, રાખ લાજ.
નહિ આધાર, અન્ય સાર, જગતમાં કશું.
માત તાત ભ્રાત સાથ
સર્વ એ જુઠું, તારા વિના
સવ એ જુઠું, રાખ લાજ, આશરો.
આ સંસાર, છે અસાર, આદ્ય ઇશ્વરી.
અંત કોણ સ્હાય થાય.
એક તું ખરી, ત્રાતા સૌની
એક તું ખરી, રાખ લાજ. આશરો.

૨૭ રાગ ક્ષત્રી કલંકનો.

તારે શરણે આવે જે નરનાર અંબા તું તેને નવ તજેરે.
તારી સ્તુતિ કરે વારંવાર અંબા તું "
નિત નિત સંભારે તારૂં નામ અંબા તું "
તારૂં સ્મરણ કરે આઠે જામ અંબા તું "
તારે શરણે આવ્યા સહુ દેવ અંબા તું "
કરે વિષ્ણુ વિરંચી તારી સેવ અંબા તું "

શરણે આવીને તુજ ગુણ ગાય અંબા તું ”
તેની કરો માતાજી સદા સ્હાય અંબા તું ”

૨૮ (કાનુડો શું જાણે મારી પ્રીત એ રાગ.)

માજી મન ધરો અમારી સેવ, દેવી અમે બાળ તમારાંરે, માજી.
દુખરે દરિઆમાં અમે પડીઆં હો અંબાજી (૨)
તેમાંથી તારોને રાખી ટેક, આવ્યાં અમે શરણ તમારેરે, માજી.
ભવરે સાગર તો માજી ભુંડો લાગે છે અમને (૨)
નાવડી છે નામ તમારૂં એક, પ્હોંચાડે ઝટપટ પારેરે, માજી.
એવું તે બીરદ તારૂ જગત જનુની મ્હોટું (૨)
કોણ તે છોડે મુરખ છેક, શેવીયે ચરણ તમારાંરે, માજી.

૨૯ (આખી આલમને ઠગનારી એ રાગ.)

જે જે આરાસુરની રાણી, તારી અકળ કળા ના જાણી.
શુક સનકાદિક વદતા વાણી, ખુબી જાય નહિ પરમાણી
સકળ ભુવનમાં, સુર અસુરમાં,
નામ માત્ર તુજ લેતાં તારે બાંહ્ય ભકતની તાણી. જે જે.

૩૦ (પ્રીતમની પાછળ જોગણ બની એ રાગ.)

ખુબી મા તારી અજબ બની.
સિંહ કેરી સ્વારી સારી પાયે ઝમકે નુપુર.
જરકશીની સાડી પ્હેરી હાથે ધાર્યું ત્રિશુળ, અજબ બની.
હાથ કંકણ શોભતાંને કંઠ મોતી હાર.
વાળીમાં તારા ઝળુકે રત્નના શણગાર, અજબ બની.

૩૧ (કોઇ દુધ લ્યો દિલરંગી એ રાગ.)

આઇ બેડો પાર ઉતારજો, ભકત વત્સળ છો તારજો, આઇ.
છઇએ પાપી પ્રાણીઆ, બાંધ્યા કંઠે પહાણ.
સહાય કરો બચીએ અમે, નહિ તો જાયે પ્રાણરે, આઇ.
નાયક મુરખ મોહ છે, ખટ શત્રુઓ ખલાસ.
સાગર ખડક ભરેલ છે, તરવાની નહિ આશરે, આઇ.
બુડતો બેડો અમતણો, ભર દરિઆ મોજાર.
નામ પોકારૂં તાહરૂં, અંબે કરજો વ્હારરે, આઇ.

૩૨ (મંગળ કર ભવ ભય હર જય ઉમાપતિ એ રાગ.)

જય જય જગદંબ દેવી આદ્ય ઇશ્વરી.
સુખ કરી દુખ હરી દુરિત દુર કરી.
કોપ તાપ ત્રિવિધ તણાં પાપ પર હરી.
અસાર આ સંસાર માંહી એક તું ખરી
કરતા, હરતા, જગમાતા, ભયત્રાતા,
સુખદાતા, વંદુ કરગરી, જય જય જગ. ૧

૩૩ (હાય કાળ ચોય અહા એ રાગ.)

હાય કળી કાળ હાય, જગ સર્વ ખાય ખાય
દુષ્ટ પાપી જીતી જાય સાધુસંત માર્યા જાય
પુણ્યશાળી અન હાય પાપીઓ આનંદ માંય. હાય. ૧
કાળ બળ આવું જ્યાંય આશરો અંબાનો હોય
કોઈ ના ઉગારે હાય ટેક તુંજ રાખે માય. હાય. ૨

શિવ વિષ્ણુ સર્વ કોય સુતા જઈ સ્વર્ગ માંય
મ્હાલે કળી જોર માંય તું બચાવે તો બચાય. હાય. ૩

૩૪ (બોલો નારા પ્રેમી પોપટજી બોલ બોલા. એ રાગ)

ઉઠો માજી વ્હાર કરોની વ્હારે,
આવો આવો આવો આવી બચાવો.
પડયો હું તો દુખ દરિએ,
હાથ સાહો કાઢો કાઢી બીરદ બતાવો.
પ્હેલી વ્હેલી હું સ્હાય શોધું. તમારી
દાસ જાણી અંબે વ્હાર કરજો અમારી.
ભવ દરિએથી માજી તારવાને આવો
આવો આવો આવી બચાવો. ઉઠો માજી. ૧

૩૫ (રાજાજી હું માફી માગું એ રાગ)

જગત જનુની જાગો ઉભો હુંય દ્વારે
ઉભો હુંય દ્વારે માજી ઉભો હુંય દ્વારે. જગત. ૧
સર્વ ઠામ શોધી વળ્યો શર્ણ કોણ આપે
તુંજ એક છો દયાળુ દાસ થીર થાપે. જગત. ૨
સ્હાય નહિ કોઇ મારી ભર્યોછું હું પાપે
હાથ સાહી લ્યો સ્વીકારી ઉગરૂં પ્રતાપે. જગત. ૩

૩૬ (અરજી સાંભળોને સરકાર એ રાગ)

અંબા માયા તારી અપાર મુરખા વહે જગતનો ભાર
રાત દિવસ જંપે નહિ ધન માટ કરે હાય હાય

બૈરાં છૈયાં કાજ બાપડા ધન કમા વા ધાય. અંબા. ૧
મહા માયા તુજ મોહ જાળમાં જન થયા છે અંધ
તુજ સેવામાં ધન ખરચતાં હાથે પાકા બંધ. અંબા. ૨
બૈરાં છોકરાં કાજ ઉડાવે મેળવીયું જે ધન
તુજ સેવામાં પાઇ ન આપે શે તું થાય પ્રસંન. અંબા. ૩
ધન દોલત સૌ અસાર જગમાં એકજ અંબા સાર
અંબા અર્થે કાંઇ બન્યું ના ખોયો જન્મ ગમાર. અંબા. ૪

૩૭ (બોલો હરહર મહાદેવ કરીને પુકાર એ રાગ)

રાખો તનમન અંબા ચરણ મોજાર
દુનિઆ ફાની છે હાની છે માની લ્યો
અંતમાં સાથમાં કોઇના જાણી લ્યો. રાખો. ૧
મુકિતની જુગતી ખરી જો સમજો
માજીની સેવામાં મનડું ધરજો. રાખો. ૨

૩૮ (અલબેલીરે અંબેમાત જોવાને જઇએ. એ રાગ)

ચાલો ચાલોરે ચાચર ચોક રમવાને જઇએ
ત્યાં વસતાં અંબે માત દરશન તો લઇએ
આરાસુરમાં અંબા વસીયાં દરશન જાયે લોકરે
મુખ નિરખતાં માજી કેરૂં ટળે સકળ જન શોક. રમવાને. ૧
દેશ દેશના જન સહુ આવે પુજા કરતા ભાવેરે
પ્રેમ કરી પાસે જઇ માને કુંકુમ પુષ્પ ચઢાવે. રમવાને. ૨
ગરબા ગાવા માત તણા સૌ ચાચર ચોકે મળીએરે
માજી કેરી સનમુખ રહીને પ્રેમ ધરીને રમીએ. રમવાને. ૩

૩૯ ગરબો.

(આપે અન્તરમાં શું જાણીએરે-એ રાગ.)

બેની અંબા દરશન ચાલીએરે બેની સાચી તે એક અંબાયરે
સાહેલીઓ માતને વધાવીએરે;
બેની પાપને તાપ ટળી જશેરે બેની કજીયા કંકાસ બળી જશેરે
બેની અંબાની એજ કૃપાયરે સાહેલીઓ માતને ૧

માના ચાચર ચોકમાં ચાલો જઇએ બેન;
રંગે રમીએ હેતથી દે માજી સુખ ચેન.
પ્રીતે ગરબાતે રૂડેરા ગાઇએરે, માના જશની ધુમ મચાવીએરે
આશરો એક તારો અંબાયરે સાહેલીઓ માતને. ૨

શરણુ પડયાં મા તાહરે છે તારો આધાર
ચરણે નમીએ છોરૂઆં ઉતારો ભવ પર
દીનબાળ શરણુ તારે આવીએરે પાયે મસ્તક પ્રેમે નમાવીએરે
આશરો એક તારો અંબાજરે સાહેલીઓ માતને. ૩

૪૦ ગરબો.

(કોયલડી તુજ મીઠડી વાણી લાગે કાન-એ રાગ)

અંબિકા છબી તાહરી વ્હાલી લાગે મન
ઠરી નજર જોઇ રહું પ્રેમ ભર્યાં લોચન
શોભા મુખડાંની જોવા તલસે મન માહરૂંરે લોલ
અંબાતે દરશાન કારણે સહુ ચાલીએરે લોલ
જયાંહી બિરાજે અંબે માત જોવા કાજ તલસે મન મારૂંરે લોલ

દરશન કાજે ચાલીયાં આવ્યાં ચાચર ચોક
માનાં મુખ નિહાળીયાં ટળીયા તનમન શોક
રમે અહીં ચાચર ચોક મોઝાર રંગે રૂડી નારીઓરે લોલ
ઝણુણુણ ઝાંઝરનો ઝમકાર વાગે વળી તાળીઓરે લોલ
રંગે રમતી નારીઓ જશ અંબાના ગાય
હરખ ભરી સૌ સુંદરી ઉમંગ અંગ ન માય
નવરાત્રિમાં ગરબે ગાવાને ચોક વિશે સહુ આવે
નવરંગી ઘણી ચતુર ચપળાઓ ગાયે ગરબા મનભાવે
રે ખમા માજી ખમા મારી દેવી શુભકારી દેશો ના વિસારી
સુખ દો અંબાજી વિનવું માતાજી
માગું તમ પાસે હું મા સાથમાં રાખો સદારે જોવા કાજ

૪૧

(ગુંજારે ઉડી જાય ભમરો લોભી ફુલનો—એ રાગ)

શણગારે તુજ રહોય મનડું માજી માહરૂં
પડું હું તારે પાય સ્તવન કરૂં નિત તાહરૂં
તેં પહેર્યાં અંબર ચીર ભાત જરી બુટ્ટાતણી
કાંચળી મયુર કીર ચિત્ર થકી શોભે ઘણી.
વાળે વાળ મોતી કાને ઝાલર કંઠે નવસર હાર.
વાળી મધ્યે નવ ગ્રહ ચળકે ટીલડી સરસ કપાળ.
હાથે કંકણ ને બાજુબંધ શોભાતો નહિ પાર.
દશે આંગળીએ વીંટી મધ્યે હીરા રત્ન અપાર

અંબા. અંબા. અંબા.
કટિ ઘુઘરીનો ઘણકાર, પગ ઝાંઝરનો ઝમકાર
ઝણણણણ ઝણ, ઝણણણણ ઝણ, ઝણણણણ ઝણ
મુરતિ માની મંગળકારી ધરીએ મન મોઝાર

૪૨

(વાછરડું ગાય વિજોગે છાયે કે તે ઉછરશે—એ રાગ)

માતાજી લાગું ચરણે હું દાસ તમારે શરણે
ટળી જાયે જન્મ મરણે જો આવું તારે શરણે
રે આઈ અરે હો અંબા કો મહિમા તારો વરણે
રે જગ્ત જોત જુગદંબા હું નમું તમારે ચરણે. માતાજી. ૧
સંસારમાં ભચકાતાં છુટકો નથી કો વાતે
ફાંફાં ઘણેરાં મારી નવ લાભ કાંઇ અથડાતે. માતાજી. ૨.
થાકી કરીને આવ્યા નમીએ તમારે ચરણે
ઉગારજો અંબાજી છોરૂં તમારે શરણે
છે તુજ નામ, છે તુજ નામ, છે વિશ્વમાંહી તુજ નામ. માતાજી. ૩

૪૩ થાળ.

(શુકન જોઇને સાંચરજોરે—એ રાગ.)

ભોજન અંબા પ્રીતે કરજો, અરજીદાસની મનમાં ધરજોરે
જુગતીથી રસોઇ બનાવીરે, પ્રીતથી થાળ માજીને ધરાવીરે. ૧
શાક પાક તે રૂડેરાં સોઇએરે, મેવા મશાલા માજીને જોઇએરે
લાડુ રોટલી ખીર બનાવીરે, સેવો પાપડ વડી ધરાવીરે. ૨

વડાં ચણા રૂડેરા કરીઆરે, પ્રેમે અંબાના આગળ ધરીઆરે
ભાતભાતનાં શાક બનાવ્યાંરે, ભાત કરીને દાળ ધરાવ્યાંરે. ૩
કરી ભોજન ગંગાજળ ધરજોરે, પાન સોપારી મુખવાસ કરજોરે
નાંહી એલચી લવંગ ધરીઆંરે, જાયફળ જાવંત્રી ભરીયાંરે. ૪
કેસર કસ્તુરી કપુર સોહાવેરે, રૂડા મુખવાસ માજીને ભાવેરે
કરી ભોજન માજી સંતોખ્યાંરે, દાસનાં દુખડાં કાપી નાંખ્યાંરે. ૫

૪૪ આરતી.

રાગ–ધનાશ્રી

જય જય અંબેમાત, આરાસુરી, જય જય અંબેમાત.
જય જય દેવી બ્રહ્માંડ વ્યાપી વિધ વિશે વિખ્યાત. આરા. ૧
આદ્ય શકિત તું અંબે આદ્ય જોગમાયા સાક્ષાત. આરા. ૨
તુંજ સ્નેહીને તુંજ સંબંધી તુંજ માત તુંજ તાત. આરા. ૩
વિષ્ણુ વિરંચી શિવજી સરવે ગાય ગુણ દિન રાત. આરા. ૪
મારકંડ મુનિએ મહિમા વખાણ્યો વખાણી વિશ્વે વાત. આરા. ૫

સમાપ્ત.